# અરવલ્લીમાં ક્ષયની બિમારીનું વધતું જોર

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના પ્રજાજનોમાં ભિલોડા અને મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં ક્ષયની બિમારીએ લોકોમાં ભય ફેલાવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્યના પ્રજાજનોને ક્ષયની બિમારીમાંથી છુટકારો અપાવવા જિલ્લાકક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ ટીબીના દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપી આ મહામારી બિમારી અટકાવવામાં અને મૃત્યુદર ઘટાડવામાં સફળતા મળી છે. પરંતુ અરવલ્લી જિલ્લામાં ક્ષયની બિમારીએ જાણે જિલ્લાના પ્રજાજનોને ભરડામાં લીધા હોય તેમ આ રોગના દર્દીઓના મોટા પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જરૂરી સર્વે હાથ ધરી ક્ષયની બિમારીથી પીડાતા દર્દીઓને સઘન સારવાર હાથ ધરી આ રોગ પર કાબુ મેળવી તેમજ ફેલાવતો અટકાવવા જરૂરી પગલા ભરે તેવી જીલ્લાવાસીઓની માંગ ઉગ્ર બની છે.



અરવલ્લી જિલ્લામાં ટી.બી.ની બિમારીએ માથુ ઉંચક્યુ હોય તેવું લાગી રહ્યું છે. જીલ્લાના આદીવાસી વિસ્તાર ધરાવતા ભિલોડા અને મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં ટી.બી.ના દર્દીઓ મોટા પ્રમાણમાં હોવાનું જાણવા મળી રહ્યું છે. ક્ષયની બિમારી ભુતકાળના વર્ષોમાં લોકો નામ સાંભળતા જ રીતસરના ફફડી ઉઠતા હતા. પરંતુ રાજ્ય અને કેન્દ્ર સરકારની ટીબીના રોગને નાથવા માટે બનાવેલી ડોટ નામની સારવારથી મોટાભાગના વિસ્તારમાં સફળતા મળી હતી.

ક્ષયના રોગ પર કાબુ મેળવવામાં જિલ્લા તંત્ર ઉણુ ઉતર્યુ હોય તેમ જીલ્લા આરોગ્યના દફતરે ક્ષયની બિમારીથી પીડાતા દર્દીઓની સંખ્યા ૨૮૧૨ પહોંચી છે તેમજ અન્ય લોકો ખાનગી સારવાર લેતા હોવાનુ ધ્યાને આવતા ક્ષયના દર્દીઓની સંખ્યા જિલ્લામાં અંદાજે ૫૦૦૦ની આસપાસ હોવાનુ આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યુ છે. ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા ક્ષયની બિમારીમાં સપડાયેલા લોકોનો સંપર્ક કરી સતત મોનેટરીંગ દ્વારા ક્ષયના રોગને કાબુમાં લેવામાં આવે તેવુ પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

# મેઘરજમાં મીની બસનો રૂટ બંધ કરાતા પ્રજાજનો પરેશાન

મોડાસા, તા. ૯

મેઘરજ તાલુકો આદિવાસી વસ્તી ધરાવતો ટ્રાયબલ તાલુકો છે. મોટા ભાગના લોકોની પાસે પોતાનું વ્યક્તિગત વાહન ના હોવાને કારણે આવન-જાવન માટે બસનો ઉપયોગ કરે છે. પરંતુ તંત્ર દ્વારા દર રવિવારે મીની બસને ફાળવવામાં આવેલ રૂટ ઉપર ગાડીઓ ચલાવવામાં આવતી નથી. જેને કારણે ટ્રાયબલ તાલુકાના અસંખ્ય લોકોને સમસ્યાઓ ભોગવવાનો વારો આવે છે. તેમજ રવિવારના રોજ તાલુકા કક્ષાએ કામકાજ કે સંબંધીઓને ત્યાં આવવા જવા માગતા લોકોની પરેશાનીઓ વધી ગઈ છે.

જિલ્લામાં જ્યારે કોઈ પણ પ્રકારના સરકારી કાર્યક્રમમાં મેળાવડાનું આયોજન કરવામાં આવેલુ હોય તો પણ મેઘરજ તાલુકાના રૂટની ગાડીઓ બંધ રાખવામાં આવે છે. તેમજ અન્ય કોઈ ધાર્મિક સ્થળોએ મેળાઓ યોજાતા હોઈ ત્યારે તેમાં પણ મેઘરજ તાલુકાના ગામડાઓની મીની બસના રૂટ ઉપર ગાડીઓ દોડાવાતી નથી. જેને કારણે તાલુકાના અસંખ્ય ગામડાઓમાંથી મોડાસા તેમજ બહાર અભ્યાસ માટે અપડાઉન કરતા વિદ્યાર્થીઓએ પ્રાઈવેટ વાહનોમાં લટકીને મોતની સવારી કરી શાળા-કોલેજે જવાનો વારો આવે છે.



આ અંગે આ વિસ્તારના આગેવાનોએ જણાવ્યું હતું કે રોજિંદા કામકાજના સમયમાં લોકોને પોતાના સગા-સંબંધીઓના ખબર અંતર પુછવા કે મળવા જવા માટે રવિવારે ટાઈમ મળતો હોય છે. પરંતુ રવિવારે ગામડાઓમાં બસ આવતી-જતી ના હોવાથી મળવા માટે જઈ શકાતુ નથી.

## કાટવાડ પાટીયા સિરામીક ઝોન અસામાજીક તત્વોનો અડ્ડો

પ્રાંતિજ, તા. ૯

પ્રાંતિજ તાલુકાના કાટવાડ પાટીયા પાસે આવેલ સિરામીક ઝોનમાં દારૂ-મટનની ખુલ્લામાં હાટડીઓ ચાલી રહી હોવા છતાં હપ્તાની લ્હાયમાં પોલીસ ચૂપકીદી સેવી રહી છે. પરપ્રાંતીય લોકોના વસવાટથી દિવસે દિવસે દૂષણો વધે છે અને અસામાજીક તત્વોનો અડ્ડો જામતો જતો હોવાથી આજુબાજુમાં વસતા ખેડૂતો તેમજ ગામોના લોકો ક્ષોભ અનુભવી રહ્યાની રાવ ઉઠવા પામી છે. સિરામીક ઝોનમાં અનેક ઉદ્યોગો ધમધમે છે. જેમાં કામદારો યુ.પી. બિહાર, રાજસ્થાન સહીતના રાજ્યોમાંથી વસવાસ કરે છે અને જેઓની ખાણી પીણી પણ દારૂ-મટન હોવાથી આજ વિસ્તારમાં દારૂની અને મટનની હાટડીઓ ખુલ્લામાં જોવા મળતી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ જ પગલાં લેવામાં આવતા હોવાથી ભ્રષ્ટ તંત્ર ઉપર જનતા ભારે રોષે ભરાઈ છે.

સિરામીક ઝોન વિસ્તારમાં સાંજ ઢળતાની સાથે જ અનેક અનૈતિક ધંધા પણ ચાલતા હોવાથી અહિથી પસાર થતા ઉચ્ચ વર્ગના ખેડૂત પરિવારોને આંખો મીચી દેવી પડતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેથી આજ વિસ્તારના ખેડૂતો તેમજ જનતાની માંગ ઉઠવા પામી છે કે તંત્ર દ્વારા દારૂ-મટનની ખુલ્લામાં ચાલતી હાટડીઓ દૂર ખસેડી યોગ્ય પગલા ભરી ગુનાહિત પ્રવૃત્તિ કરતા તત્વોને પાઠ ભણાવવો.

# સાબરકાંઠા પાસ સભ્યો દ્વારા અખાત્રીજના દિવસે પાટીદાર એકતાયાત્રા યોજાશે

હિંમતનગર, તા.૯

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન શરૂ થયાને નવ માસથી વધુનો સમય વીતી ગયો હોવા છતાં સરકાર દ્વારા આ પ્રશ્ને કોઈ નમતું જોખવામાં આવતું નથી. જેથી સાબરકાંઠા પાસ દ્વારા આંદોલનને વધુ ધારદાર બનાવવાના આશયથી તા.૯ મે (અખાત્રીજ)ના દિવસે હિંમતનગરમાં પાટીદાર એકતાયાત્રા યોજવા માટે શુક્રવારે મોડાસીયા કડવા પાટીદાર સમાજવાડીમાં તાલુકાના પાસના કન્વીનરોની બેઠક યોજવામાં આવી હતી. જેમાં પાટીદાર એકતાયાત્રા અંગે વિષદ ચર્ચા કરવામાં આવી હતી.

આ અંગે સાબરકાંઠા પાસના કન્વીનર રવિ પટેલના જણાવાયા મુજબ છેલ્લા ઘણા સમયથી પાટીદાર અનામત આંદોલનના કન્વીનર હાર્દિક પટેલ વિરૂધ્ધ સરકાર દ્વારા રાજદ્રોહની કલમ લગાવીને જેલમાં ધકેલી દેવાયા છે ત્યારે તેમને છોડાવવા માટે તા.૧૭ એપ્રિલે મહેસાણા ખાતે પાટીદારો ભેગા થઈને જેલભરો આંદોલન શરૂ કરશે. ત્યારબાદ તબક્કાવાર રાજયના અન્ય સ્થળે પણ જેલભરોનો કાર્યક્રમ યોજાશે.

રવિ પટેલના જણાવાયા મુજબ અખાત્રીજના દિવસે હિંમતનગરમાં યોજાનાર પાટીદાર એકતાયાત્રામાં સાબરકાંઠા જિલ્લામાં આવેલા ત્રણ લેઉવા સમાજના તથા કડવા કચ્છી મોડાસીયા સહિતના અન્ય ૧૩ મળી ૧૬ પાટીદાર ગોળોને ભાગ લેવા માટે સમજાવવામાં આવશે. એટલું જ નહિ પણ આ અંગે ગામડાઓમાં જાગૃતિ આવે તે માટે સાબરકાંઠા પાસના કાર્યકર્તાઓ દ્વારા રાત્રિ બેઠકો પણ યોજવામાં આવશે.

હિંમતનગર ખાતે યોજાનાર પાટીદાર એકતાયાત્રામાં પાંચથી વધુ ટેબ્લો, શણગારેલું બળદગાડું રહેશે તથા આ યાત્રા મોડાસીયા કડવા પાટીદાર સમાજવાડીથી પ્રારંભ થઈને ટાવર ચોક થઈ કલેકટરને આવેદનપત્ર આપ્યા બાદ સી.કે.પટેલ સમાજવાડીમાં સભાના રૂપમાં ફેરવાશે. પાટીદાર એકતાયાત્રામાં ભાગ લેવા માટે સાબરકાંઠા પાસના તમામ કન્વીનરો પોતાના વિસ્તારમાં આવેલા સહકારી અગ્રણીઓને જોડાવવા માટે અનુરોધ કરશે અને જો તેઓ આ એકતાયાત્રામાં નહિ જોડાય તો તેઓ સમાજની સાથે નથી તેમ સમજવામાં આવશે એમ રવિ પટેલે જણાવ્યુ હતું.

# ડીસા મુકામે ખેડૂત સંમેલન અને કૃષિ પ્રદર્શન યોજાયું

પાલનપુર, તા. ૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતો માટે અમલી બનાવેલી પ્રધાનમંત્રી પાક વીમા યોજનાની જાણકારી આપવા બનાસકાંઠા જિલ્લાના ડીસા મુકામે કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી હરીભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને ખેડૂત સંમેલન અને કૃષિ પ્રદર્શન યોજાયું હતું. ડીસા કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં યોજાયેલ આ સંમેલનમાં કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે ખેડૂતના ખેતરમાં વાવેલા પાકને વરસાદ, પૂર, આગ, વાવાઝોડુ જેવી તમામ આફતોથી રક્ષણ આપવા કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી પાક વીમા યોજના અમલી બનાવાઈ છે. તેમણે આ યોજનાનો લાભ લેવા ખેડૂતોને અનુરોધ કરતાં જણાવ્યું હતું કે જે ખેડૂતો બેંકમાંથી પાક ધિરાણ મેળવે છે તેમને આ વીમો ફરજીયાત લેવો પડશે. તેમણે કહ્યું કે એક પણ ખેડૂત આ વીમા યોજનાથી વંચિત ન રહે તે માટે દરેક ખેડૂત સુધી આ યોજનાની જાણકારી પહોંચાડીએ. મંત્રીશ્રીએ કહ્યું કે ભૂતકાળમાં બનાસકાંઠા જિલ્લામાં બાજરી, એરંડા, જુવાર જેવા પરંપરાગત પાકોનું વાવેતર કરવામાં આવતુ હતું. તેમણે કહ્યું કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ કૃષિ મહોત્સવના લીધે કૃષિ ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યુ છે. તેમણે ઉમેર્યું કે બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો જુની પુરાણી ખેત પદ્ધતિને બદલે આધુનિક ખેતી તરફ વળ્યા છે. મંત્રીશ્રીએ કહ્યું બનાસકાંઠા જિલ્લાના સૂકાભઠ્ઠ ગણાતા પશ્ચિમ વિસ્તારમાં નર્મદાના નીર આવવાથી કૃષિ અને પશુપાલન ક્ષેત્રની કાયાપલટ થઈ છે.

આ પ્રસંગે મંત્રીના વરદહસ્તે પ્રધાનમંત્રી પાક વીમા યોજના અને આ વિસ્તારના ધાન્ય પાકો તથા રાઈ અને મગની ખેતી અંગેની પુસ્તિકાનું



વિમોચન કરવામાં આવ્યું હતું. નાબાર્ડના અધિકારીશ્રી રમેશભાઈ મલ્લેચરી અને એચડીએફસી બેંકના અમિતભાઈ પુરોહિતે પ્રધાનમંત્રી પાક વીમા યોજનાની માહિતી આપી હતી. કૃષિ નિષ્ણાંત ડૉ. ફલજીભાઈ ચૌધરી અને ડૉ. પી.સી. જોષીએ બાગાયતી પાકો વિશે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપ્યુ હતુ. કાર્યક્રમના પ્રારંભમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સિનિયર કૃષિ નિષ્ણાંતશ્રી ડૉ. એ.જે. પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું.

# અરવલ્લી જિલ્લા ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો દ્વારા શૈક્ષણિક અધિવેશન



મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લા ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો દ્વારા શૈક્ષણિક અધિવેશનનો કાર્યક્રમ શુક્રવારના રોજ મોડાસા ખાતે સાંજે ૩.૩૦ કલાકે રાખવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં પધારેલ મહેમાન શુભેન્દ્રસિંહ સીસોદિયા ચેરમેન અરવલ્લી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, રાજેન્દ્રસિંહ ઠાકોર ધારાસભ્ય મોડાસા વિધાનસભા, હસમુખભાઈ એસ. પટેલ સુચિત પ્રમુખ અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, ભગવાનદાસ પી. પટેલ પ્રમુખ સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, ડૉ. સંજયભાઈ ડી. વેદિયા કા. પ્રિન્સીપાલ સર. પી.ટી. સાયન્સ કોલેજ મોડાસા તથા પ્રો. ચંદ્રેશભાઈ રાઠોડ બી.એડ. કોલેજ મોડાસા તથા અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના તમામ હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અધિનવેશનમાં મોટી સંખ્યામાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણને સ્તર કઈ રીતે ઉંચુ લાવી શકાય તેની વાત કરવામાં આવી હતી તથા ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો દ્વારા આવેદન પત્ર આપવામાં આવેલ હતુ.

## મહુવાના ખેતરાનો યુવક ગુમ

હિંમતનગર, તા. ૯

વિજયનગર તાલુકાના મહુવાના ખેતરા ગામનો યુવક ગત તા. ૨૮ મી માર્ચે ભરતીમાં જઉ છું તેમ કહી ઘરેથી નીકળ્યો હતો. જે ઘરે પરત નહિ ફરતા તેની માતાએ વિજયનગર પોલીસને જાણવાજોગ ફરિયાદ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે વિજયનગર પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહુવાના ખેતરા ગામનો ભાવેશ અરૂણભાઈ ખરાડી ગત તા. ૨૮ મી માર્ચના રોજ ઘરેથી ભરતીમાં જવાનું કહીને નીકળ્યો હતો. જે ભરતીમાં ગયા બાદ પરત ઘરે નહિ આવતા તેના ગુમ થવા અંગે તેની માતા મંજુલાબેન અરૂણભાઈ ખરાડીએ વિજયનગર પોલીસ મથકમાં જાણવાજોગ ફરિયાદ કરતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

## સમર્થ ગૃપ ઓફ કોલેજીસમાં ફીયેસ્ટાનું આયોજન

હિંમતનગર, તા.૯

હિંમતનગર-અમદાવાદ રોડ પર આવેલ સમર્થ ગૃપ ઓફ કોલેજીસમાં તાજેતરમાં વાર્ષિક કાર્યક્રમ અંતર્ગત ફીયેસ્ટા-૧૬નું આયોજન કરાયુ હતું.

જેમાં ડીગ્રી, ડિપ્લોમા, બી.સી.એ., એમ.સી.એ. તથા બી.એડ.ના મળી ૨૦૦ વિદ્યાથીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાયા હતા. આ પ્રસંગે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, સી.ઈ.ઓ. અભિષેક રાઠી, ચિંતનભાઈ પુરોહિત, ભાવેશભાઈ પુરોહિત તથા સમર્થ ગૃપ ઓફ કોલેજીસનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# તલોદ કોલેજમાં રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

તલોદ, તા. ૯

શેઠ એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ, તલોદ કોલેજમાં અનુસ્નાતક હિન્દી વિભાગ દ્વારા હિન્દી સાહિત્યના મહાન સર્જક 'હરિવંસરાય બચ્ચનના વ્યક્તિત્વ અને કૃતિત્વ' પર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ ડૉ. કે.કે. વૈષ્ણવના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ પરિસંવાદના ઉદ્ઘાટન તરીકે મોડાસા કોલેજના પૂર્વ ઈન્ચાર્જ આચાર્ય ડૉ. આર.આર. રોહિત ઉપસ્થિત રહ્યા હતા અને મુખ્ય મહેમાન તરીકે બી.ડી. આર્ટસ કોલેજ, અમદાવાદના, ડૉ. ધીરજભાઈ વણકર ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે અતિથિ વિશેષ તરીકે સંસ્થાના નિવૃત્ત ઉપાચાર્ય ડૉ. વી.પી. ચૌહાણ હાજર રહ્યા હતા.

આ પરિસંવાદમાં જુદી જુદી કોલેજોના વિદ્વાન અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા 'સર્જક હરિવંશરાય બચ્ચનના વ્યક્તિત્વ અને કૃતિત્વ' પર ચર્ચા-વિમર્શ દ્વારા તેમની મહત્વની રચનાઓ અને ગ્રંથોનું રસપાન કરાવવામાં આવ્યું હતું. હરિવંશરાય બચ્ચન એક સાધારણ માનવીમાંથી અસાધારણ જગવિખ્યાત કવિ-આત્મકથાકાર કેવી રીતે બન્યા તેનાથી શ્રોતાઓને અવગત કરાયા હતા.

હરિવંશરાય બચ્ચનની 'મધુશાલા', 'મધુબાલા', 'મધુકલશ', 'નિશાનિમંત્રણ', 'એકાંતસંગીત', 'સતરંગિની', 'બંગાલ કા અકાલ', 'પ્રણય પત્રિકા', 'આરતી ઔર અંગારે', 'બુદ્ધ ઔર નાચઘર', 'બહુત દિન બિતે' જેવી કાવ્યરચનાઓ અને 'ક્યા ભૂલું ક્યા યાદ કરૂ', 'નીડ કા નિર્માણ', 'બસેરે સે દૂર', 'દસ દ્વારા સે સોપાન તક' આદિ આત્મકથાઓની સમીક્ષા દ્વારા હરિવંશરાય બચ્ચનની સર્જક તરીકેની પ્રતિભાને જુદા જુદા વક્તાઓ દ્વારા મુલવી આપવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થાના વહીવટદાર અને આચાર્ય ડૉ. જે.સી. પટેલે મહેમાનો અને વક્તાઓનો આવકાર આપી સર્જકની વ્યક્તિગત સંવેદના પણ સમગ્ર સમાજને અજવાળીને સમષ્ટિગત કેવી રીતે બનતી હોય છે તે હરિવંશરાય બચ્ચનની 'મધુશાલા' કૃતિ દ્વારા પ્રગટ કરી આપી હગતી. આ કાર્યક્રમનું સંચાલન હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. રહીમભાઈ સિન્ધીએ કર્યું હતું અને આભારવિધિ હિન્દી વિષયના પ્રો. ડૉ. જયદત્ત ધોન્ડેએ આટોપી હતી.





અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાકા શહેરમાં સીંધી સમાજ દ્વારા શુક્રવારે ઝૂલેલાલ ભગવાનનો ત્યૌહાર એટલે ચેટીચાંદની ઉજવણી ધામધૂમપૂર્વક કરી હતી. મોડાસા શહેરમાં શુક્રવારે સીંધી સમાજના ૨૦૦થી વધુ સીંધી સમાજના લોકોએ ધંધા-રોજગાર બંધ રાખી આખો દિવસ ભક્તિમય ઉજવણી કરી ઝુલેલાલ ભગવાનની શોભાયાત્રા નીકાળી હતી. સીંધી સમાજની મહિલાઓએ દિવસભર ભગવાન ઝૂલેલાલના ભજનો ગાઈ અનોખી રીતે ઉજવણી કરી હતી. શુક્રવારે મોડાસા શહેરમાં સીંધી સમાજના લોકો ધંધા-રોજગાર સાથે જોડાયેલા હોવાથી ધંધા રોજગારના સ્થળો બંધ રાખતા શહેરીજનોને રવિવાર રજાના દિવસ જેવી બજારનો અહેસાસ થયો હતો. મોડાસા શહેરના ચાર રસ્તા અને શહેરના મુખ્ય માર્ગો સીંધી સમાજ દ્વારા સણગારવામાં આવતા મોડાસા શહેરના માર્ગો ચમકી ઉઠ્યા હગતા.

# પ્રાંતિજમાં ચેટીચાંદ પર્વની ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વસવાટ કરતાં સિંધી સમાજના ભાઈ-બહેનો દ્વારા પવિત્ર ચેટીચાંદ પર્વની શ્રધ્ધા અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી. પ્રાંતિજ તથા તાલુકામાં રહેતા સિંધી સમાજનાં ભાઈ બહેનો દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ પ્રાંતિજ ખાતે દશા શ્રીમાણી વાડીથી ભાંખરીયા બસ સ્ટેન્ડ ભગવાન ઝુલેલાલની પરબ અને ત્યાંથી બજારચોક, લાલદરવાજા, નગરપાલિકા, વેરાઈમાતા મંદિર થઈને માકડેશ્વર મહાદેવ ખાતે વરઘોડો પહોચ્યો હતો જયારે વરઘોડામાં ભગવાન ઝુલેલાલ તથા ભગવાન શિવની આબોહુ પ્રતિક જોવા મલ્યા હતાં અને સિંધી સમાજના ભાઈ બહેનો દ્વારા ગરબા પૂજા અને પ્રસાદ નો લાભ લઈને ધન્યતા અનુભવી હતી. જયારે આ પ્રસંગે ધરમદાસ ટેકવાણી, રતિલાલ ટેકવાણી, જગદીશભાઈ કિમતાણી, મનુભાઈ રામ ચંદાણી, અમિતભાઈ, હરેશભાઈ, સમાજના આગેવાનો, ભાઈ-બહેનો જોડાયાં હતાં.